# ‘મહા’ વાવાઝોડુ સક્રિય : રાજ્યભરમાં વરસાદ

**સૌરાષ્ટ્રના દરિયાકાઠે જોરદાર અસરો દેખાઇ : ભારે વરસાદથી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં જળબંબાકારની સ્થિતિ : દિવમાં છ કલાકમાં જ ૧૦ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો : રાજયના ૯૦થી વધુ તાલુકાઓમાં એકથી ચાર ઇંચ : નવસારીના ખેરગામમાં ચાર ઇંચ વરસાદ**

ગાંધીનગર,તા.૨

અરબી સમુદ્રમાં મહા વાવાઝોડું સક્રીય થયું છે, જેની અસરના ભાગરૂપે રાજયભરમાં જાણે માવઠા અને કમોસમી વરસાદની ગંભીર સ્થિતિ સર્જાઇ છે. આજે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના પંથકોમાં એકથી ચાર ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો હતો. જેના કારણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં તો જાણે ચોમાસાના વરસાદ જેવી જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે રાજયના ૯૦થી વધુ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો હતો, જેમાં દસથી વધુ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજયમાં સૌથી વધુ વરસાદ આજે નવસારીના ખેરગામમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો, જેના કારણે આ પંથકમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. દીવ પંથકમાં તો વળી છ કલાકમાં દસ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી જ પાણીના દ્રશ્યો સર્જાયા હતા. તો, સુરેન્દ્રનગરના લીંબડી અને વલસાડના ધરમપુરમાં અઢી ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. આ જ પ્રકારે અમદાવાદ શહેર અને જિલ્લામાં પણ હળવાથી ભારે વરસાદના ઝાપટાં નોંધાયા હતા. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ પડયો હતો. જેના કારણે પંથકોના વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક પંથકોમાં તો આજે ભારે ગાજવીજ, તોફાની પવન અને વીજળીના કડાકા અને ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતાં મોટાભાગના પંથકોમાં ઘૂંટણસમા પાણી ભરાઇ ગયા હતા. તો, રસ્તાઓ પર જાણે વરસાદી પાણીની નદીઓ વહેતી જોવા મળી હતી. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પહેલા કયાર અને હવે મહા વાવાઝોડાની અસરના ભાગરૂપે છેલ્લા કેટલાક દિવસોથી સતત કમોસમી વરસાદ ચાલુ રહેવાના કારણે ખેડૂતોને ઉભા પાકની નુકસાનીનો કારમો માર અને આઘાત સહન કરવાનો વારો આવ્યો છે તો, આજે ઉત્તર ગુજરાતમાં પણ મહેસાણા, ઉંઝા, વિસનગર, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, ધાનેરા, ડીસા, પાલનપુર, અરવલ્લી, મોડાસા, ઈસરોલ, મરડિયા સહિતના પંથકોમાં પણ આજે ધોધમાર વરસાદ પડયો હતો, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. તો, ખેડૂતોના ઉભા પાકને બહુ મોટુ નુકસાન થયુ હતું.





## સોમનાથમાં બિરાજેલ મહાદેવ સામે વાવાઝોડું નબળું પડી ગયું

**વર્ષ ૨૦૧૪ બાદથી આઠ કરતા વધારે વાવાઝોડાની ઘાત સૌરાષ્ટ્રના માથેથી ટળી છે : મહાનો ખતરો ટળતાં રાહત**

ગાંધીનગર, તા. ૨

છેલ્લા ચાર દિવસમાં બીજું અને ચાર મહિનામાં ત્રીજું મોટું અને વિનાશક એવું મહા વાવાઝોડું આગામી તા.૬-૭ નવેમ્બરના રોજ ગુજરાતના દરિયાકાંઠે ત્રાટકે તેવી હવામાન ખાતાએ આગાહી કરી હતી પરંતુ હવે આ વાવાઝોડું ત્રાટકવાનો ખતરો હાલ પૂરતો તો ટળી ગયો છે. ૨૦૧૪ની સાલથી અત્યારસુધીમાં આઠ કરતાં વધુ વાવાઝોડાની ઘાત સૌરાષ્ટ્રના માથેથી ટળી ગઇ છે, જેનું કારણ લાખો-કરોડો શ્રધ્ધાળુ ભકતોની જગપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ પ્રત્યેની ધાર્મિક આસ્થા છે. સોમનાથ કાંઠે બિરાજમાન સોમનાથ મહાદેવ સામે આખરે મહા વાવાઝોડુ પણ નબળુ પડી ગયું છે અને ફરી એકવાર ભકતોની ભકિત જાણે જીતી ગઇ છે.

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે આજે પ્રથમ ટી-૨૦

નવી દિલ્હી,તા. ૨

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પ્રદૂષણના ખતરનાક સ્તરને લઇને વ્યાપક દહેશત ફેલાયેલી છે ત્યારે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ ટ્વેન્ટી મેચોની શ્રેણીની પ્રથમ ટ્વેન્ટી મેચ આવતીકાલે રમાનાર છે. પ્રદૂષણને લઇને ભારે હોબાળો મચેલો છે. વર્તમાન ટ્વેન્ટી શ્રેણીમાં ભારતીય ટીમ રેગ્યુલર કેપ્ટન વિરાટ કોહલીની ગેરહાજરીમાં ઉતરી રહી છે છતાં ટીમ પાસે વ્યાપક અનુભવ અને ઉપયોગ કરવા માટે અનેક વિકલ્પો રહેલા છે. આને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મેચને લઇને કરોડો ક્રિકેટ ચાહકો ભારે ઉત્સુક છે. નવી દિલ્હીમાં અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે આ મેચ રમાનાર છે. ટ્વેન્ટી મેચ પહેલા અભ્યાસ દરમિયાન ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માને ઈજા થઈ જતા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. જો કે તે રમશે તેમ માનવામાં આવે છે. આ વખતે ટીમ ઈન્ડિયાના નિયમિત કેપ્ટન વિરાટ કોહલીને આરામ આપવામાં આવ્યો છે. તે ટ્વેન્ટી શ્રેણીમાં રમનાર છે. તેની જગ્યાએ રોહિત શર્મા જ કેપ્ટન તરીકે મેદાનમાં ઉતરનાર છે. રોહિત શર્માની ઈજાને લઇને કોઇ વાત કરવામાં આવી નથી. રોહિતના બેટિંગ કોચ વિક્રમ રાઠોડે કહ્યુ છે કે તે નેટ પ્રકટીસ દરમિયાન ઘાયલ થયા બાદ પ્રેકટીસ કરી શક્યો ન હતો. કેપ્ટન વિરાટ કોહલીની ગેરહાજરીમાં રોહિત શર્મા પરપ બેટિંગની સાથે સાથે કેપ્ટન તરીકેની પણ જવાબદારી રહેલી છે. સાથે સાથે તે હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે.

# શિવસેનાનું વલણ હળવું થયું

**છેલ્લે સુધી ગઠબંધન ધર્મ પાળવાની અંતે સંજય રાવતે વાત કરી : હજુ સુધી ભાજપ ઉપર પ્રહાર કરી રહેલા શિવસેનાએ વાતચીત કરવા માટેની તૈયારી દર્શાવી : વિધાનસભા અવધિ ૮મીએ પૂર્ણ : રાષ્ટ્રપતિ શાસનની ચર્ચા**

મુંબઇ,તા. ૨

મહારાષ્ટ્રમાં મુખ્યપ્રધાન પદને લઇને ભારતીય જનતા પાર્ટી અને શિવ સેનાની વચ્ચે જંગ જારી છે. રસ્સાકશી હવે વધારે તીવ્ર બની રહી છે. એકબીજા પર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી પદને લઇને ચાલી રહેલી ખેંચતાણ પર હવે આક્ષેપબાજીના દોર બાદ શિવસેનાએ વલણ હળવું કર્યું છે. શિવસેનાએ કહ્યું છે કે, પાર્ટી દ્વારા વાતચીત ક્યારે પણ રોકવામાં આવી નથી. શિવસેના ગઠબંધન ધર્મ પાળશે. મહારાષ્ટ્ર ચૂંટણીના પરિણામ બાદ ભાજપ અને શિવસેનાને બહુમતિ મળી છે પરંતુ બંને પાર્ટીઓએ હજુ સુધી સત્તાવારરીતે સરકાર રચવાને લઇને વાતચીત શરૂ કરી નથી. વર્તમાન મહારાષ્ટ્ર વિધાનસભાની અવધિ ૮મી નવેમ્બરના દિવસે પુરી થઇ રહી છે. શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું છે કે, શિવસેનાએ ગઠબંધનમાં રહીને ચૂંટણી લડી હતી અને છેલ્લે સુધી ગઠબંધન ધર્મને પાળીશું. તેઓએ કોંગ્રેસી નેતા હુસૈન દલવાઈના કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પત્ર લખવાના પગલાનું સ્વાગત કર્યું છે. આ પત્રમાં દલવાઈએ કોંગ્રેસ હાઈકમાન્ડને મહારાષ્ટ્રમાં શિવસેનાના નેતૃત્વવાળી સરકારને સમર્થન આપવા અપીલ કરી હતી. સંજય રાવતે કહ્યું હતું કે, શિવસેના સ્થિર સરકારની રચના માટે નંબર એકત્રિત કરી શકે છે.

## કાશ્મીરમાં વિસ્ફોટકના જથ્થા સાથે ત્રાસવાદીની ધરપકડ

**સેના, સીઆરપીએફ અને પોલીસનું મોટુ સફળ ઓપરેશન : કલમ ૩૭૦ની નાબૂદી બાદ આતંકવાદીઓ દ્વારા હાલમાં ગ્રેનેડ હુમલા કરાઈ રહ્યા છે ત્યારે મોટી સફળતા**

શ્રીનગર, તા. ૨

જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફ, ભારતીય સેના અને પ્રદેશ પોલીસના સંયુક્ત ઓપરેશન દરમિયાન લશ્કરે તોઈબાના કુખ્યાત ત્રાસવાદીની ધરપકડ કરવામાં આવી છે. આ ત્રાસવાદી પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી છે.

સીઆરપીએફ દ્વારા ટ્વીટર હેન્ડલ પર આ અંગેની વાત કરવામાં આવી છે. લશ્કરે તોઈબાના ત્રાસવાદી દાનિસ ચન્નાને સોપોરેમાંથી પકડી પાડવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની જોગવાઈને દૂર કરવામાં આવ્યા બાદ આતંકવાદીઓ દ્વારા પ્રદેશમાં ગ્રેનેડ હુમલાના અહેવાલ આવી રહ્યા હતા. છેલ્લા મહિનામાં પાંચમી ઓક્ટોબરના દિવસે દક્ષિણ કાશ્મીરના અનંતનાગ સ્થિત ઓફિસની બહાર ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧૫ લોકો ઘાયલ થયા હતા.

ત્યારબાદ ગયા મહિનામાં યુરોપિયન સાંસદોનું એક પ્રતિનિધિમંડળ કાશ્મીરના પ્રવાસના એક દિવસ પહેલા સોપોરેમાં ત્રાસવાદીઓએ બસ અડ્ડાને ટાર્ગેટ બનાવીને ગ્રેનેડ હુમલો કર્યો હતો. સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા આ ગ્રેનેડ હુમલામાં એક નાગરિકનું મોત થયું હતું અને ૨૦ લોકો ઘાયલ થયા હતા. ત્યારબાદથી જ સેનાએ ત્રાસવાદીઓની શોધખોળ માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આજે સુરક્ષા દળોને એક વખતે મોટી સફળતા મળી ગઈ હતી જ્યારે સોપોરેમાં લશ્કરે તોઈબાના ત્રાસવાદીને હથિયારોના જંગી જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યો હતો. રાજયમાં કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ આતંકવાદીઓ ઉપર સુરક્ષા દળો વધુને વધુ સકંજો મજબૂત કરી રહ્યા છે જેના લીધે હચમચી ઉઠેલા ત્રાસવાદીઓ સામાન્ય લોકોને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ફુલગામમાં આતંકવાદીઓએ પશ્ચિમ બંગાળના પાંચ મજુરોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ પહેલા પણ પ્રદેશની બહાર નાગરિકો ઉપર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

## અયોધ્યા કેસમાં ચુકાદાની તારીખ નજીક આવતા સુરક્ષા મજબુત કરાઈ

**બહારથી પણ ફોર્સ બોલાવાઈ : અયોધ્યા -સરહદની સાથે જોડાયેલા જિલ્લાઓના પોલીસ અધિકારી તેમજ અયોદ્યાના અધિકારીઓ સાથે વાતચીત**

અયોધ્યા,તા. ૨

અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની તારીખ હવે ધીમે ધીમે નજીક આવી રહી છે. જેને ધ્યાનમાં લઈને વહીવટીતંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાને મજબુત કરવા માટે કવાયત પણ શરૂ કરી દીધી



છે. એડીજી (કાનુન અને વ્યવસ્થા) પીવી રામાશાસ્ત્રી દ્વારા અયોધ્યા અને સરહદ સાથે જોડાયેલા જિલ્લાના પોલીસ અધિકારીઓ તેમજ અયોધ્યા વહીવટીતંત્રના લોકોની સાથે વાતચીત કરી છે. પોલીસ લાઈન્સમાં આયોજિત કરવામાં આવેલી આ બેઠકમાં સુપ્રીમ કોર્ટના ચુકાદો લઈને સંભિવત સ્થિતી પર ચર્ચા કરવામાં આવી હતી. આ અવસર પર પીવી રામાશાસ્ત્રીએ વિવાદાસ્પદ સંકુલનુ નિરીક્ષણ કર્યુ હતુ. સાથે સાથે હનુમાનગઢીના દર્શન કર્યા હતા. સુરક્ષા અતિ આધુનિક અને મજબુત કરવાના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે છેલ્લા થોડાક મહિનામાં અયોધ્યાની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. જેના ભાગરૂપે અતિ આધુનિક સાધનો ગોઠવી દેવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાના મામલે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. એમ તો અયોધ્યામાં ૩૬૫ દિવસ મજબુત સુરક્ષા રહે છે. પરંતુ તેને વધારે અપગ્રેડ કરવામાં આવી રહી છે. સુરક્ષામાં હાલમાં સિવિલ ફોર્સ, પીએસી તેમજ કેન્દ્રિય પોલીસ દળની તૈનાતી કરવામાં આવી રહી છે. બહારથી પણ પુરતા પ્રમાણમાં સુરક્ષા દળોના જવાનોને બોલાવવામાં આવી રહ્યા છે. જેટલી જરૂર હશે તેટલા પ્રમાણમાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવનાર છે. પહેલાથી જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પીસ કમિટીની બેઠક યોજવામાં આવી રહી છે. જિલ્લાના અધિકારીઓ સામાન્ય લોકો સાથે બેઠક કરીને તેમને સુરક્ષાની ખાતરી

## કરતારપુર કોરિડોર : સિદ્ધૂએ પાક જવાની લીલીઝંડી માંગી

**પાકિસ્તાન સરકાર તરફથી સિદ્ધૂને આમંત્રણ મળ્યું વિદેશ મંત્રાલયને પત્ર લખી સિદ્ધૂએ મંજુરી માંગી**



ચંદીગઢ, તા. ૨

ભારત અને પાકિસ્તાનમાં ઐતિહાસિક કરતારપુર કોરિડોરમાં ઉદ્‌ઘાટનની તૈયારી જોરશોરથી ચાલી રહી છે. પાકિસ્તાને કોંગ્રેસી નેતા અને પંજાબ સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી નવજોત સિદ્ધૂને પણ આમંત્રણ મોકલ્યું છે. સિદ્ધૂએ વિદેશ મંત્રાલયને પત્ર લખીને પાકિસ્તાન જવાની મંજુરી માંગી છે. એટલું જ નહીં પૂર્વ ક્રિકેટરે પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહ પાસેથી પણ આ સંદર્ભમાં પરવાનગી માંગી છે. આ પહેલા સિદ્ધૂના પત્નિ નવજોતકૌર સિદ્ધૂએ પાકિસ્તાનથી આમંત્રણ મળ્યુ હોવાની વાત કબૂલી હતી. સિદ્ધૂએ વિદેશમંત્રી જયશંકરને સંબોધીને લખેલા પત્રમાં પાકિસ્તાન જવાની અપીલ કરી છે. સિદ્ધૂએ પત્રમાં લખ્યું છે કે, કરતારપુર સાહિબ કોરિડોરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પાકિસ્તાન સરકારે તેમને આમંત્રણ આપ્યું છે. એક શીખ હોવાના કારણે પોતાના મહાનગુરુ બાબા નાનક પ્રત્યે શ્રદ્ધા અર્પીત કરવા માટે સન્માન મળવાની બાબત ખુબ મોટી બાબત છે.

પોતાની જડો સાથે જોડાવવાનો આ ઐતિહાસિક પ્રસંગ છે જેથી પાકિસ્તાન જવાની મંજુરી આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. સિદ્ધૂએ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહને પણ આ સંબંધમાં પત્ર લખીને રજૂઆત કરી છે. પત્રમાં સિદ્ધૂએ કહ્યુ છે કે, તેઓ ધ્યાન અપાવવા માંગે છે કે, પાકિસ્તાન સરકાર તરફથી તેમને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

વિરોધોનો સામનો અને સંઘર્ષ કરવો પડ્‌યો છે. મીડિયા અને અખબારોએ પણ વારંવાર એના વ્યક્તિગત જીવન ઉપર આક્ષેપો કર્યા છે, જાહેરજીવનમાં એને ખૂબ બદનામ પણ કરી છે. આમ છતાંય રિહાના હિંમતથી સામનો કરતા કહે છે કે ‘હું જે છું તે જ રહીશ, અને હું જે કરું છું તે જ કરીશ કેમ કે મને તે કરવું ગમે છે, તમે મારી બાબતે ગમે તેટલી ગંદી વાતો કરશો પણ હું જેવી છું તેવી જ રહીશ, તમે મને નહીં રોકી શકો.’

રિહાનાની નાની ઉંમરમાં આટલી પ્રસિદ્ધિ જોઈને મોટી મોટી કંપનીઓ એને પોતાની પ્રોડેક્ટની જાહેરાતોમાં લેવા તૈયાર રહે છે, માત્ર ૧૭ વર્ષની (વર્ષ ૨૦૦૫) ઉંમરે રિહાનાએ “ સીક્રેટ બૉડી સ્પ્રે “ સાથે જાહેરાતના કરાર કરીને મૉડેલિંગની દુનિયામાં પ્રવેશ કર્યો. પછી તો વર્ષ ૨૦૦૬માં એસ.ઓ.એસ. / નાઈક સ્પોર્ટ્સવેયર/ જે.સી.પેંની જેવી અનેક બ્રાન્ડેડ કંપનીઓની જાહેરાતોમાં ચમકી, ૨૦૦૭માં કવરગર્લની પ્રવક્તા પણ બની, જેમાં ટી.વી માધ્યમ અને સરકારી પર્યટન વિભાગની જાહેરાતોમાં અભિનય કરવાનો કરાર હતો. આ ઉપરાંત પણ અનેક જાણીતી કંપનીઓ સાથેના કરાર કરીને રિહાના વિજ્ઞાપનોની દુનિયામાં પણ છવાઈ ગઈ.

રિહાના ઉપર અનેક પુસ્તકો, લેખો પણ લખાયા છે જેમાં ‘રિહાના : ધી લાસ્ટ ગર્લ ઓન અર્થ’ ખૂબ જાણીતું છે. ૧૯ વર્ષની ઉંમરથી (૨૦૦૭થી) એણે ફિલ્મોમાં કામ કરવાની પણ શરુઆત કરી. ‘બ્રિંગ ઈટ ઓન ઑલ ઔર નથીંગ’ તથા ‘કૈમિયો’ જેવી ફિલ્મોમાં અભિનય આપ્યો, એ પહેલા એણે ગરીબ અને બિમાર બાળકોની સહાય માટે માત્ર ૧૮ વર્ષની ઉંમરે ‘બિલીવ ફાઉન્ડેશન’ની સ્થાપના કરીને અનેક જાહેર ઈવેન્ટનું આયોજન કરીને ધન એકઠું કરી બિમાર બાળકોની મદદ કરી. આ દરમિયાન એકવાર પોતાના બૉડી ચેકઅપથી તેને ખબર પડી કે પોતે એક્યૂટ માઈલોજિનસ લ્યૂકેમિયાથી પીડિત છે. આમ છતાંય હિંમત હાર્યા વિના ૨૦૦૮થી રિહાનાએ એડ્‌સ સામેની લડાઈમાં પણ પોતાનું યોગદાન આપ્યું. દુનિયાની સૌથી મોટા ભૂખ વિરોધી સંગઠન સાથે જોડાઈને પણ રિહાનાએ કેટલાય સંગીત સમારોહ વિના મૂલ્યે કરીને પોતાનું યોગદાન આપ્યું. આમ ગરીબ, ભૂખ્યા, રોગી, બિમાર બાળકો પ્રત્યે અતિસંવેદનશીલ રિહાનાએ ખૂબ નાની ઉંમરમાં લાખો નહીં કરોડો ડોલરનું દાન આપીને અસંખ્ય બાળકોના જીવ બચાવ્યા છે.

આજે સોશિયલ મીડિયા યુ ટ્યુબ ઉપર રિહાનાના કરોડો ફૉલોએર્સ છે. એના થોડા ગીતો જોઈએ તો ‘અમ્બ્રેલા’ ગીત ૫૧૩,૮૫૩,૪૪૮ લોકો જોઈ ચૂક્યા છે, તો વળી ‘ડાયમન્ડ’ ગીતને ૧,૩૯૯,૧૭૨,૧૮૪ લોકોએ જોયું છે, ‘રુબી બૉય’ ને ૫૦૯, ૫૭૭, ૭૨૦ લોકોએ જોયુ છે જ્યારે ‘નીડેડ મી’ ગીતને ૨૪૫,૧૧૯,૮૦૮ લોકોએ જોયું છે.

આમ ૩૧ વર્ષની રિહાના આજે પણ કરોડો લોકોના હદયમાં રાજ કરે છે. ખૂબ નાની ઉંમરમાં ભયાનક સંઘર્ષ વેઠીને, અનેક મુશ્કેલીઓનો, વિરોધોનો સામનો કરીને પરિશ્રમ કરીને અરબો ડોલરની સંપતિની સ્વામિની અને વિશ્વવિખ્યાત છે.

- 9426060601.india@gmail.com

### ચોથીએ હડતાળ પાડવાની વકીલો દ્વારા જાહેરાત થઈ

તીસહજારી કોર્ટ સંકુલમાં દિલ્હી પોલીસની સાથે અથડામણ બાદ પાટનગરના વકીલ સંગઠિત થઈ ગયા છે. વકીલોએ આ ઘટનાના વિરોધમાં ચોથી નવેમ્બરે દિલ્હીની તમામ જિલ્લા અદાલતોમાં કામકાજ ઠપ્પ કરી દેવાની જાહેરાત કરી દીધી છે. કો-ઓર્ડિનેશન કમિટિના ચેરમેન મહાવીર શર્મા અને સેક્રેટરી જનરલ ધીરસિંહ કસાનાએ કહ્યું છે કે, તીસ હજારી કોર્ટમાં પોલીસ તરફથી કરવામાં આવેલી કાર્યવાહી ખુબ હિંસક રહી છે. ફાયરિંગના વિરોધમાં ચોથી નવેમ્બરના દિવસે દિલ્હીની તમામ જિલ્લા અદાલતોમાં કામકાજ ઠપ રાખવામાં આવશે.

## ચંદ્રયાન-૨ પટકથાના અંત તરીકે નથી : સિવનનો દાવો

**ખુબ મહત્વપૂર્ણ ડેટા ઉપલબ્ધ થયા : ભવિષ્યમાં અનુભવ તેમજ ટેકનિકલ સાધનો મારફતે સોફ્ટ લેન્ડિંગ કરાવાશે**

ચંદ્રયાન-૨ના વિક્રમ લેન્ડરની સોફ્ટ લેન્ડિંગ ન થવાને લઈને ઈસરોના વડા કે સિવાને આજે અનેક મુદ્દા પર વાત કરી હતી. ચંદ્રયાન-૨ પટકથાનો અંત નથી. ભવિષ્યમાં ચોક્કસપણે સોફ્ટ લેન્ડિંગ કરાવવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં સોફ્ટ લેન્ડિંગ માટેના તમામ પ્રયાસો થશે. અંતરિક્ષ સંસ્થા ઈસરોના વડાએ કહ્યું હતું કે, આવનાર મહિનાઓમાં અનેક એડવાન્સ સેટેલાઈટ લોંચ કરવામાં આવનાર છે.

ચંદ્રયાન-૨ મિશનના સંદર્ભમાં તમામ લોકો માહિતી ધરાવે છે. ટેકનિકલ પાસાની વાત કરવામાં આવે તો આ બાબત યોગ્ય છે કે, અમે વિક્રમ લેન્ડરની સોફ્ટ લેન્ડિંગ કરાવી શકયા ન હતા પરંતુ સમગ્ર વ્યવસ્થા ચંદ્રની સપાટીથી ૩૦૦ મીટરના અંતર સુધી યોગ્યરીતે કામ કરી રહી હતી. અમારી પાસે ખુબ જ કિંમતી ડેટા રહેલા છે. ખાતરી આપતા સિવાને કહ્યું હતું કે, ભવિષ્યમાં ઈસરો પોતાના અનુભવ અને ટેકનિકલ ક્ષમતાના આધાર પર સોફ્ટ લેન્ડિંગ માટેના દરેક સંભવિત પગલા અને પ્રયાસ કરશે.